# ઝાલાવાડ જૈન દર્શન

(ZALAWAD JAIN DARSHAN) - RNI NO MAHBIL/2021/80571

Vol. No. 60 ❖ Issue : 04 ❖ Pages : 48 ❖ October 2024 ❖ Monthly Magazine ❖ Rate : Rs.3/-



**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ સંચાલિત તથા**

**સમાજરત્ન શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ પરિવાર પ્રેરિત**

## ઝાલાવાડ બીઝનેસ ફોરમ

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-મુંબઈના શતાબ્દી વર્ષ (સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા)ની ઉજવણીમાં ઝાલાવાડ બીઝનેસ ફોરમની સ્થાપના કરવામાં આવેલ. તેમાં વેપાર-ઉદ્યોગ-ધંધા-રોજગાર લક્ષી પ્રવૃત્તીઓ માટે સ્થાપના કરવામાં આવેલ. સમાજના પરિવારોના વેપાર, ધંધા, ઉદ્યોગમાં ઉપયોગી થઈ અને વિકાસ થઈ શકે સક્ષમ બને તે માટેની અનેકવિધ પ્રવૃત્તિઓ આજ સુધી થયેલ છે. જેમાં એક નવું પ્રકરણ ઉમેરાશે. સમાજની આર્થિક સંકળામણ અનુભવતા સાધારણ પરિવારોની બ્હેનોના રોજગાર - ધંધા - ગૃહ ઉપયોગી અને અન્ય વસ્તુઓનું વેચાણ કરતી મહિલાઓ અને નવો વેપાર - ગૃહ ઉદ્યોગ કે અન્ય કોઈપણ પ્રકારની વસ્તુઓના વેચાણ દ્વારા આવક ઉભી કરવા માગતા પરિવારોની ફક્ત મહિલાઓને સ્વાલંબી બનાવવાની યોજના શરૂ કરી રહેલ છે.

આ યોજના દ્વારા સમાજની બ્હેનો આર્થિક સંકળામણ અનુભવતી હોય તેમને વગર વ્યાજની લોન રૂા. બે લાખ સુધી આપવામાં આવશે. જે નાની રકમ હપ્તાથી લોન પરત કરવાની રહેશે. આ માટેનું અરજી પત્રક (ફોર્મ) આ પત્રિકાના અંદરના પાનામાં આવેલ છે. જેમાં સંપૂર્ણ વિગત લખી (સૂચના અને નિયમો વાંચી લેવા) માંગેલ જરૂરી પ્રમાણપત્રો સાથે મોકલી આપવાનું રહેશે.

**: સ્ટોપ પ્રેસ :**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. ફાઉન્ડેશન - મુંબઈ દ્વારા લેપટોપ વિતરણ કાર્યક્રમ તા.૨ ઓક્ટોબર ૨૦૨૪ને રવિવારના રોજ યોજાયેલ.**

**આ કાર્યક્રમનો સંપૂર્ણ અહેવાલ નવેમ્બર ૨૦૨૪ની પત્રિકામાં આવશે.**

SYMBOL OF TRUST

દિનેશભાઈ ટી. શાહ
મો.: ૯૩૨૪૯૭૮૭૪૭
વઢવાણવાળા

યુનીક જવેલર્સ ™

શુધ્ધ ચાંદીના થાળી, વાટકા, ગ્લાસ, સીક્કા, લગડી તથા પ્રેઝન્ટેશન આર્ટીકલ્સ અને ફેન્સી જવેલરીના વેપારી

બોરીવલી શો રૂમ : આવીશ્કાર ટાવર, શોપ નં. ૩૦-૩૧,
ચંદાવરકર સર્કલ, વૃંદા હોટલ સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦૦૯૨.
ફોન : ૨૮૯૧ ૧૯૯૮ (ઘર) ૯૮૧૯૨૮૮૪૨૭

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ
## તપસ્વી બહુમાનના કાયમી સહાયક દાતા



શ્રી કિશોરભાઈ નંદલાલ શાહ



શ્રીમતી શારદાબેન કિશોરભાઈ શાહ

આપણા ઝાલાવાડ સમાજના ઉજ્જવળ તવારીખના પાને ફરી એક વખત એક નવા ઈતિહાસનું પુનરાવર્તન થયું હોય એમ લાગ્યા કરે છે. ઘણા વર્ષો પહેલા આપણા ફાઉન્ડેશનને ઉચ્ચ ટેકનીકલ શૈક્ષણિક સહાય યોજના જાહેર કરી હતી ત્યારે રૂા.૧૧ લાખને બદલે રૂા.૨૧ લાખનું આર્થિક યોગદાન આપનાર આપણા શ્રી કિશોરભાઈ નંદલાલ શાહે ખૂબજ ઉદારતાપૂર્વક આપણી નવી યોજના 'મેડીકલ કાર્ડીયાક સહાયક યોજના' માટે રૂા.૨૧ લાખનું યોગદાન ખૂબજ નમ્રતાપૂર્વક આપ્યું ત્યારે લાગ્યું કે ઈતિહાસનું પુનરાવર્તન થતું જ રહે છે.

લીંબડીનો આ પરિવાર માત્ર કેળવણીમાં જ રસ લે છે તેવું કહેવું બરાબર નથી. શૈક્ષણિક ક્ષેત્રે યોગદાન આપનાર ઉદારદિલ દાતાએ ''તમારી ઈચ્છા હોય - તમારી જે યોજના હોય તેના માટે મારૂ આ આર્થિક યોગદાન સ્વીકારો.'' એવું કહેનાર શ્રી કિશોરભાઈ નંદલાલ શાહ પરિવારનું ઋણ સ્વીકાર કરવાનો આ મહામૂલો અવસર છે. ખરેખર શ્રી નંદલાલ ગાંડાલાલ શાહ તથા માતુશ્રી ધીરજબેનના સંસ્કારોનું વાવેતર સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. આ પરિવારનો એક જ જીવનમંત્ર છે : ''પર દુ:ખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે''

શ્રી કિશોરભાઈ સાથે જ્યારે જ્યારે ઝાલાવાડ સમાજની વાતો થાય ત્યારે એકજ વાત તેઓ કહેતા હતા 'કર્મ એ જ મારો ધર્મ'. આવા કર્મયોગીએ ઝાલાવાડ ફાઉન્ડેશનમાં વાઈસ ચેરમેન તરીકે આપેલી સેવાઓ શૈક્ષણિક જગતમાં ચિર સ્મરણીય બની રહેલ છે. પોતાના વાઈસ ચેરમેનશીપના સમયગાળામાં તેઓએ આપેલ અણમોલ સેવાને બિરદાવવા શબ્દો ઓછા પડે તેમ છે. જીવનમાં એક જ લક્ષબિંદુ રાખ્યું કે દરેક પરિવારમાં કોઈપણ સંતાન પૈસાના અભાવે શિક્ષણથી વંચિત ન રહેવું જોઈએ. તેઓ અનુદાન આપે છે અને આવા આર્થિક અનુદાનો લાવી પણ શકે છે. એમના માટે કહેવું હોય તો એટલું જ કહી શકાય કે આ વિભૂતિએ પોતાના બહોળા સંબંધોના દરિયાને ખેડીને સામાજીક સંસ્થાઓને પગભર કરી દોડતી કરી છે.


પિતાશ્રી નંદલાલભાઈ એક સફળ વેપારી હતા. વ્યવહારકુશળ હતા તો માતા ધીરજબેન એક આદર્શ ગૃહિણી હતા. પોતાના સુપુત્રો શ્રી કિશોરભાઈ - શરદભાઈ - ઉદયભાઈ તથા શાંતિકુમારના જીવન ઘડતરમાં અમૂલ્ય ફાળો આપી સમાજસેવાના - જનસેવાના આદર્શના બીજ વાવ્યા હતા. માતુશ્રી ધીરજબેન એક જ વાત કરતા કે ''વાપર્યે કોઈનું ઘટ્યું નથી પરંતુ વાપર્યે ધન વધતું જ રહે છે.'' આવો આદર્શ જીવનભર સાચવી જાણ્યો તો સાથોસાથ જીવન બાદ આ વારસો પોતાના પુત્રો તથા પુત્રવધુઓને શ્રીમતી શારદાબેન - કલ્પનાબેન - રેખાબેન તથા પૂર્ણિમાબેનને સોંપતા ગયા. આ જ પરિવારનો પૌત્ર ભાઈ નિલેશ તથા પૌત્રવધુ સંધ્યાબેન પરિવારની પરંપરાને આગળ વધારી રહ્યા છે.

આપણામાં કહેવત છે કે ''પોતાના માટે તો સૌ જીવે છે પરંતુ પરને માટે જીવી જાણો એ સાચો માનવરત્ન કહેવાય.'' આ પરિવાર ખરેખર આજ વાતને અનુસરીને પોતાના માટે જીવતરને સાચવતાની સાથોસાથ પરને માટે જીવી જાણે છે. ઝાલાવાડી સમાજ માટે ક્યારેય પાછી પાની ન કરનાર શ્રી કિશોરભાઈ સાધર્મિકની સંવેદના સાંભળી સાધર્મિકની વહારે દોડી આવતા. આજે જ્યારે પેઢીઓ બદલાઈ ચૂકી છે ત્યારે કુટુંબના મોભી એવા શ્રી નંદલાલભાઈ તથા ધીરજબેનને નત મસ્તકે વંદન કરવાની ભાવના થાય છે.

આપણા ફાઉન્ડેશનમાં વાઈસ ચેરમેન તરીકે સેવા આપનાર શ્રી કિશોરભાઈનું શૈક્ષણિક ક્ષેત્રનું આર્થિક યોગદાન અવિસ્મરણીય રહ્યું છે તો સાથોસાથ જૈન જાગૃતિ સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના માધ્યમથી શૈક્ષણિક ક્ષેત્રે આપેલી સેવાઓના મૂલ્ય કરી શકાય તેમ નથી. ખરેખર ઝાલાવાડી સમાજનું આ એક 'માનવરત્ન' છે - અણમોલ રતન છે. આપણા પાલીતાણાના યાત્રિક ભવન નિર્માણ વખતે પણ આ પરિવારે આપેલ રૂપિયા સવા આઠ લાખનું આર્થિક યોગદાન આજેય સહુને માટે યાદગાર બની રહ્યું છે. શ્રી કિશોરભાઈની કુનેહભરી પરંતુ પારિવારિક લાગણીને કારણે જ તેઓ સફળતાપૂર્વક કુટુંબને એક તાંતણે બાંધી શક્યા છે. ગત તા.૨૨-૯-૨૪ના તપસ્વી બહુમાન કાયમી સહાયક દાતા તરીકેનો લાભ લઈ તપસ્વી અનુમોદનનો અનુપમ લાભ લઈ સુકૃતના કાર્યમાં ભાગીદાર બન્યા છે. તે બદલ શ્રી ઝાલાવાડ સંઘ ભૂરી-ભૂરી અનુમોદના કરે છે.

આજના આ મંગળમય અવસરે માતુશ્રી ધીરજબેન નંદલાલ શાહ પરિવારને એટલી જ શુભેચ્છાઓ પાઠવીએ છીએ કે આ પરિવાર સદાયે વહાલના તાંતણે બંધાયેલો રહે - સુખી રહે - સમૃદ્ધ રહે. વિતરાગ પરમાત્મા પરિવારને અનેરા સમાજસેવાના કાર્યો કરવા શક્તિ આપે તેવી પ્રાર્થના.

# શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ
# તપસ્વી બહુમાન ભોજનના કાયમી સહાયક દાતા


શ્રી અરવિંદભાઈ કાંતીલાલ શાહ


શ્રીમતી ચંદનબેન અરવિંદભાઈ શાહ

આપણા સૌના લાડીલા, કાર્યદક્ષ શ્રી અરવિંદભાઈ કાન્તીલાલ શાહનું વતન એટલે ધોલેરા બંદર. તા.૧૯-૩-૧૯૪૭ના દિવસે પિતા કાન્તીલાલ તથા માતુશ્રી કસ્તુરીબેનના ખોરડે જેમનો જન્મ થયો તેવા ધોલેરાના વતની શ્રી અરવિંદભાઈને ઝાલાવાડી સમાજ ખૂબજ સારી રીતે ઓળખે છે.

શ્રી અરવિંદભાઈનો અભ્યાસ સી.એ. સુધીનો છે. ખૂબજ વ્યવહારૂ - કાર્યદક્ષ - સફળ આયોજક એવા અરવિંદભાઈ ૫૦ વર્ષની સેવામાં આપણા શ્રી સંઘમાં બોરીવલી વિભાગના પ્રતિનિધિરૂપે આવ્યા અને પોતાની આગવી સૂઝબૂઝની ઘણા વર્ષો સુધી મંત્રી તરીકે સેવાઓ આપ્યા બાદ શ્રી સંઘના ઉપપ્રમુખ તથા પ્રમુખ બન્યા. તેઓને સમાજે જે જે જવાબદારીઓ સોંપી તે સંપૂર્ણ સફળતા સાથે પૂર્ણ કરેલ છે.

ત્યારબાદ શ્રી અરવિંદભાઈ શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ફાઉન્ડેશન - મુંબઈમાં મંત્રી તરીકે આવ્યા. ઘણા વર્ષ સુધી ફાઉન્ડેશનમાં મંત્રી તરીકે ખૂબ જ ઉપયોગી સેવાઓ આપી આપણી શ્રી સંઘ શતાબ્દી વર્ષ ઉજવણી કમિટીના એક કન્વીનર તરીકે પોતાના વિશાળ અનુભવને કારણે દરેક કાર્યક્રમને સફળ બનાવવા ખૂબજ પ્રયત્નો કર્યા છે.

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ બોરીવલીમાં વિવિધ પદે રહી મંડળને ઉન્નતિના શિખરે લઈ જવાના ભગીરથ પ્રયત્નો તેમણે કર્યા છે.

બોરીવલી મંડળના પાયાના કાર્યકર્તા વર્ષો સુધી બોરીવલી મંડળના પ્રમુખ સ્થાન શોભાવી મંડળને મુંબઈ ખાતેના ઝાલાવાડ પરામંડળોમાં એક વિશિષ્ઠ દરજ્જો તેમની કાર્યપધ્ધતિ અને કુશળ આયોજનને કારણે અપાવ્યો છે. તેમની કુશળતા અને દૂરંદેશીને કારણે તેઓ આજ શ્રી ઝાલાવાડ સંઘ મુંબઈ તેમજ ફાઉન્ડેશનના મંત્રી પદ શોભાવી. તેમજ શ્રી ધોલેરા બંદર જૈન દેરાસર, પાંજરાપોળ તથા દેવકીનગર બોરીવલી જૈન દેરાસરના ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. ૩૦ વર્ષ થી શ્રી વર્ધમાન માનવ સેવા ટ્રસ્ટ - ભાયંદરમાં મેડીકલ ક્ષેત્રે ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેમજ શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.ચેરીટેબલ એન્ડ રીલીજીયસ ટ્રસ્ટના પણ ટ્રસ્ટી તરીકે પોતાની આગવી સુઝબુઝથી સક્રિય સેવા બજાવી રહ્યા છે.

સામાજિક સેવાનો ભેખ જેને લીધો છે એવા શ્રી અરવિંદભાઈ જેવા વડીલની છાયામાં રહી સમગ્ર પરિવાર પણ સામાજિક ક્ષેત્રે તેમની સાથે કદમથી કદમ મિલાવી પોતાની સેવાભાવનાને વાચા આપી રહ્યા છે. ધર્મપ્રેમી ધર્મપત્ની શ્રીમતી ચંદનબેન નામ પ્રમાણેના ગુણ સાથે સેવાના કાર્યોમાં પતિ સાથે નિઃસ્વાર્થ ભાવે સેવા બજાવી રહ્યા છે. સુપુત્ર કેતન શાહ હાલમાં બોરીવલી મંડળમાં વ્યવસ્થાપક સમિતિમાં પોતાની મંત્રી તરીકે અમૂલ્ય સેવા આપી રહ્યા છે.

શ્રી અરવિંદભાઈ શાહના વડીલ બંધુ શ્રી રસિકભાઈની સાંસારિક સુપુત્રીએ દીક્ષા લઈ પૂ.ધ્રૃવયશાશ્રીજી સાધ્વીજી મહારાજ તરીકે દીક્ષા પર્યાય પાળી રહ્યા છે.

શ્રી અરવિંદભાઈએ પાલીતાણા યાત્રિક ભવનમાં કન્વીનર તરીકે ગણનાપાત્ર સેવાઓ આપેલ છે. માતુશ્રી કસ્તુરીબેનના વાવેલા સંસ્કારો સમગ્ર પરિવારમાં ખૂબજ સારૂં પરિણામ લાવી શકયા છે. આવા અરવિંદભાઈની અનેકવિધ સેવાઓની નોંધ લેતાં આનંદ અનુભવી રહ્યા છીએ. શતાબ્દી વર્ષ ઉજવણીના દરેક કાર્યમાં તેમનું માર્ગદર્શન ખૂબજ અગત્યનું બની રહ્યું. આવા સેવાના ભેખધારીની સેવાઓની ભૂરી ભૂરી અનુમોદના કરીએ છીએ.

શ્રી અરવિંદભાઈના સુપુત્ર કેતનભાઈ ઝાલાવાડ ફાઉન્ડેશનમાં મંત્રી તરીકે હાલમાં સેવા આપી રહ્યા છે. અને પુત્રવધુ ડિમ્પલબેન ખૂબજ ધર્મપરાયણ અને માત-પિતાના સંસ્કારને સાસરામાં ઉજાગર કરી કુ.રાજવી અને કુ.દેવાંશીને ધાર્મિક સંસ્કારનું સાથે ઉચ્ચ શૈક્ષણીક કારકીર્દી પૂર્ણ કરાવેલ છે.

આવા ધર્મ પરાયણ પરિવારે તપસ્વી બહુમાન સમારંભના ભોજનના કાયમી સહાયકદાતા તરીકે ક્ષણનો પણ વિચાર કર્યા વગર લાભ લઈ પુણ્યનું ઉપાર્જન કરેલ છે. સાથે તપસ્વી બહુમાન કાર્યક્રમ ભોજનના લાભાર્થીની ભૂરી-ભૂરી અનુમોદના.

આવો આપણો ઝાલાવાડી પરિવારને વિતરાગ પરમાત્મા સદાય સુખ-સમૃદ્ધિ-શાંતિથી ભરપુર નિરામયી જીવન આપે, તેઓને અનેકવિધ સમાજ સેવાના કાર્યો કરવાની શક્તિ આપે.

## નૂતન ઓફીસના ઉદ્‌ઘાટન પ્રસંગે
### શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ તથા શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. ફાઉન્ડેશનને અનુદાન



શ્રી અનંતરાય શાંતીલાલ શાહ



મુળી નિવાસી
હાલ - માટુંગા - મુંબઈ



શ્રીમતી શ્રીલેખાબેન અનંતરાય શાહ

આપણા ઉદારદિલ ઝાલાવાડી શ્રી અનંતરાયભાઈ તથા શ્રીમતી શ્રીલેખાબેનના કરકમલો દ્વારા શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ અને શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.ફાઉન્ડેશનની નૂતન ઓફીસનું ઉદ્‌ઘાટન કરેલ.

ઝાલાવાડના સુરેન્દ્રનગર જિલ્લાના નાનકડા ગામ મુળીના વતની શ્રી અનંતરાયભાઈ એટલે ખરેખર 'દલાશા પરિવાર'નું ગૌરવ ગણાય. આપણા ફાઉન્ડેશનના સૌજન્યદાતા શ્રી અનંતરાયભાઈ હાલ ૯૪વર્ષની ઉંમરે સક્રિય રહી સમાજ ઉપયોગી જરૂરિયાતમંદ પરિવારોને શૈક્ષણિક - તબીબી સહાય કરી રહ્યા છે.

આ જિંદાદિલ ઝાલાવાડી શ્રી અનંતરાયભાઈને એવું લાગ્યું ''સંસ્થાની નૂતન ઓફીસનું ઉદ્‌ઘાટન મારા હસ્તે થયું તો ઋણ કહેવાય. તેથી મારે કાંઈક સંસ્થાને આપવું જોઈએ.''

કેળવણી અને સાધર્મિક ભક્તિના પ્રખર હિમાયતી શ્રી અનંતરાયભાઈએ રૂા. સાત લાખ (શ્રી સંઘને રૂા.ત્રણ લાખ પચાસ હજાર અને શ્રી ફાઉન્ડેશનને રૂા.ત્રણ લાખ પચાસ હજાર) સ્વેચ્છાએ આપી શ્રી સંઘ અને ફાઉન્ડેશનને ચેક મોકલી સમાજના પરિવારોને વધુમાં વધુ ઉપયોગી બની સહાયરૂપ થવું તે બાબત લક્ષ્યમાં રાખી સખાવત કરી.

તેમણે શૂન્યમાંથી સર્જન કર્યું છે. જાત મહેનત - પરિશ્રમ - ભણતર કરતા ગણતરના સર્જક એવા શ્રી અનંતરાયભાઈ એટલે સાદાઈનું પ્રતીક, ક્યાંય ડોળ નહિં, દેખાડ નહિં, દંભ નહિં, કોઈ માન-સન્માનની અપેક્ષા નહિં. એવા આ હિરલાને તેમની ઉદારતાને સમજવામાં આપણે ઘણાં વર્ષો પછી ઓળખી શક્યા છીએ.

તેઓએ ધંધાકીય નિવૃત્તિ જરૂર લીધી છે પરંતુ આજે ૯૪ વર્ષની જૈફ વયે પણ ખુબજ સરળતાથી સામાજિક સેવાના કાર્યો સારી રીતે થઈ શકે તેવી ભાવનાથી નિયમિત રૂપે પોતાની ડોક્યાર્ડની ઓફીસે બેસી વિવિધ સેવા કાર્યોમાં ઓતપ્રોત રહે છે. પોતે શરૂ કરેલ 'શ્રીલેખા અનંતરાય ચેરીટેબલ ટ્રસ્ટ'ના માધ્યમથી શૈક્ષણિક ક્ષેત્રે - તબીબી ક્ષેત્રે - સાધર્મિક ભક્તિ ક્ષેત્રે જરૂરિયાતમંદ પરિવારોને ખુબજ ઉદારતાથી ભક્તિ કરે છે.

થોડા વર્ષોની વારંવાર મુલાકાતમાં શ્રી અનંતરાયભાઈ ઘણી વખત કહે છે કે ''સમાજની આરસી જ્યારે આપણને આપણું સ્વચ્છ અને ચોકખું પ્રતિબિંબ દેખાડતી હોય ત્યારે આપણે દર્પણ સામે ઉભા રહેવાની શું જરૂર છે ? મારે તો પરમ કૃપાળું વિતરાગ પરમાત્માની અસીમ કૃપાથી જે મળ્યું છે તે સમાજ માટે વાપરવું છે''

આવા આપણા ઝાલાવાડી પરિવારને વિતરાગ પરમાત્મા સદાય સુખ-સમૃદ્ધિ-શાંતિથી ભરપુર નિરામયી જીવન આપે, તેઓને અનેકવિધ સમાજ સેવાના કાર્યો કરવાની શક્તિ આપે.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ**

પ્રમુખ : શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ
IPP : શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી મહેન્દ્રભાઈ વ્રજલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ
મંત્રીઓ : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
શ્રી પિયુષભાઈ કાંતીલાલ શાહ
શ્રી ભરતભાઈ નેમીચંદ કુવાડીયા
સહમંત્રી : શ્રી મીતેશ સુભાષભાઈ શાહ
ખજાનચી : શ્રી ગિરીશભાઈ કાંતીલાલ શાહ
સહખજાનચી : શ્રી કેતનભાઈ કનૈયાલાલ શાહ
P.R.O. : શ્રી દિપકભાઈ ગુલાબચંદ ગાંધી

ટ્રસ્ટીશ્રીઓ

શ્રી કિરીટભાઈ રતનશી શાહ
શ્રી સંજયભાઈ ભાઈલાલ શાહ
શ્રી કુમારભાઈ નગીનદાસ શાહ
શ્રી જયેન્દ્રભાઈ હરીલાલ શાહ
શ્રી પ્રકાશભાઈ રસીકલાલ શાહ
શ્રી બીપીનભાઈ રતીલાલ વોરા

તંત્રી : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ

રજી. ઓફીસ
શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રય પાયધુની,
મુંબઈ - ૪૦૦ ૦૦૩

વલ્લભદાસ કાનજી બિલ્ડીંગ, બીજે માળે,
૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

**વહીવટી ઓફીસ :** ન્યુ ઈંડિયા હાઈટ્સ, ૮મે માળે, જીવનધામ સોસાયટી પાસે, ઓલ્ડ પોલીસ લેન, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯

**કામકાજનો સમય : ૧૧.૦૦ થી ૬.૦૦**

મો. : ૯૧૩૭૩૪૨૮૧૮

દામોદરવાડી : ૨૮૮૭ ૪૬૩૩

**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચાર લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં. લેખ મોકલનારે છપાવા બાબત પૃચ્છા કરવી નહીં તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**

છૂટક મુલ્ય રૂા.૩/-

Email :
zalawadjainsangh@gmail.com
Website :
www.zalawadjainsangh.org

**તંત્રી સ્થાનેથી....**

## ઝાલાવાડી જૈન એકતા

ઝાલાવાડ સંઘની સંલગ્ન સંસ્થાઓ ફાઉન્ડેશન, ઝેડ.બી.એફ., ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ સમાજ સેવાલક્ષી પ્રવૃત્તિઓને ઝડપ અને વેગ મળ્યો છે. પરિવારોની જરૂરિયાતોને પૂરી કરવા વધારેમાં વધારે સહાય પહોંચી રહી છે.

ઝાલાવાડ સમાજના ચારે ફિરકાઓ એક થઈ 'ઝાલવાડ સમાજ - ઈંડિયા'ના નેજા હેઠળ એક થઈ સંઘદીઠ બની એકતા બતાવવાની તાતી જરૂરિયાત છે. જ્યારે આપણે આપણા સંતાનો કોઈપણ ફિરકાઓમાં લગ્ન કરાવતા હોઈએ છીએ. જૈન સોશ્યલ ગ્રુપ અને જૈન જાગૃતિ સેન્ટર ઘણાં અનેક કાર્યોમાં સાથે હોઈએ છીએ. તો ઝાલાવાડ જૈન સમાજ એક કેમ ન બની શકે ? હવે વાત વિચારવાની નથી. જૈન સમાજ માટેની અનેક સરકારી યોજનાઓના લાભો મેળવી સમાજના જરૂરિયાતમંદ પરિવારોને ઉપયોગી થવાનું અને અમલમાં મુકવાની તાતી જરૂર છે. આ માટેના ઉદાહરણ તરીકે કચ્છી સમાજ જેવા જૈન સમાજો વિવિધ પ્રકારની સરકારી યોજનાઓના લાભો મેળવી પોતાના સમાજના ઉત્કર્ષ અને વિકાસ માટે ઘણાં પ્રયત્નો કરી લાભો મેળવી રહ્યા છે. આ માટે ઝાલાવાડના ચારે ફિરકાઓએ એક થઈ સંગઠિત થઈશું તો ઘણોજ સુંદર વિકાસ થશે. અને પ્રગતિ થઈ શકશે.

### શું વાંચશો ? આ અંકમાં...

★ શ્રી સંઘ તપસ્વી બહુમાન-વિદ્યાર્થી પારિતોષિક કાર્યક્રમ અહેવાલ + ફોટા ★ તપસ્વી બહુમાન સહાયકદાતા અને ભોજનના સહાયકદાતા પરિચય - અહેવાલ ★ સમૂહ લગ્ન વિષે જાણકારી ★ નવી ઓફીસ ઉદ્‌ઘાટક દાતા વિષે ★ જન્મદિવસ - લગ્ન દિવસની શુભેચ્છા ★ ઉપધાન તપ વિષે ★ નિ:શુલ્ક મોતીયાના ઓપરેશન વિષે ★ ૧૬ ઉપવાસથી વધારે તપસ્વીઓના ફોટા ★ ઝેડ.બી.એફ. મહિલા રોજગાર - સ્વાવલંબી યોજના વિષે જાણકારી સાથે અરજી પત્રક ★ ઝાલાવાડ સગપણ સેતુ (વોટ્સએપ ગ્રુપ) ★ પરા મંડળ - મહિલા મંડળ - યુવા મંડળ માટે પત્રિકા વિષે જાણકારી ★ સંવેદનાના સ્પંદનો ★ નવા આજીવન સભ્યો માટે ★ પત્રિકા મેળવવા કોરીયર યોજના વિષે ★ પાછી આવેલ પત્રિકાના સભ્યોની યાદી ★ શુભ વેવિશાળ ★ વ્હાલાની વસમી વિદાય - શ્રધ્ધાંજલી

**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ**

*આયોજીત*

**માતુશ્રી રંજનબેન હર્ષદભાઈ દીપચંદ શાહ પરિવાર (લીંબડી – વાલકેશ્વર – મુંબઈ)**

# પ્રેરિત કાયમી તપસ્વી બહુમાન સમારંભ

**ભોજનના કાયમી પ્રેરકદાતા : માતુશ્રી સ્વ.કમળાબેન જીવરાજભાઈ ધ્રુવ પરિવાર**

**હ : સ્વ.શ્રી જીતેન્દ્રભાઈ જીવરાજભાઈ ધ્રુવ તથા સ્વ.શ્રીમતી રંજનબેન જીતેન્દ્રભાઈ ધ્રુવ (સુરેન્દ્રનગર – કાંદિવલી – પૂર્વ)**

## ઉત્સાહ - ઉમંગ - અનુમોદનાનો ભવ્ય કાર્યક્રમ

સં.૨૦૮૦ નો તપસ્વી બહુમાનનો તથા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ / ૨૦૨૪ના વર્ષના શૈક્ષણિક પારિતોષિક વિતરણનો એક કાર્યક્રમ તા.૨૨-૯-૨૦૨૪ ને ભાદરવા વદ-૧૨, રવિવારના દિવસે સવારના ૯.૩૦ કલાકે દામોદરવાડી, કાંદિવલી (પૂર્વ)ના વાતાનુકુલિત હોલમાં આદરણીય સંઘપ્રમુખ શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહના પ્રમુખ પદે તથા દાતા પરિવાર જનો - તપસ્વીઓ - વિદ્યાર્થીઓ - આમંત્રિત મહેમાનો - ટ્રસ્ટીશ્રીઓ - સંઘના પદાધિકારીઓ તથા સંઘની કાર્યવાહક કમીટીના સભ્યોની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે લગભગ ૫૦૦ પરિવારજનોની ઉપસ્થિતિ રહી હતી. સવારના ૯.૩૦ થી ૧૧.૦૦ વાગ્યા સુધી પધારી રહેલ તપશ્વીઓ તથા મહેમાનોનું ભાવભીનું સ્વાગત સાકર - લીંબુ - વરીયાળી શરબતથી કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે તપની અનુમોદના કરવા શ્રી ભવ્ય શાહ તથા તેમના સાથીદારોએ ભાવવાહી શૈલીમાં ભક્તિ ગીતોની રજુઆત ''તપ ધર્મના વધામણા''ની સુંદર રજુઆતની સાથોસાથ ભક્તિગીતોની સુરાવલીમાં સૌ રસતરબોળ બની ગયા હતા. બંનેની - ભાઈ ભવ્ય તથા શ્રી રૂષભ કુબડીયાની જુગલ જોડીએ સૌના દિલ જીતી લીધા હતા. સંપૂર્ણ વાતાવરણ ભક્તિરસથી તરબોળ બની ગયુ હતું.

સંઘના ટ્રસ્ટીશ્રીઓ - તપસ્વી રત્નો - સંઘપ્રમુખ - દાતા પરિવારના પરિવારજનો આવી જતા ૧૧.૩૦ કલાકે તપસ્વી બહુમાનનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. દાતા પરિવાર માતુશ્રી રંજનબેન હર્ષદભાઈ દીપચંદ શાહ પરિવારના વડીલ શ્રી હર્ષદભાઈ દીપચંદ શાહ - શ્રી પારસ હર્ષદભાઈ શાહ - શ્રીમતી દિપ્તી પારસભાઈ ઉપસ્થિત રહ્યા હતા. માતુશ્રી કમળાબેન જીવરાજભાઈ ધ્રુવ પરિવારના અનિવાર્ય સંજોગોના કારણે ઉપસ્થિત રહી શક્યા નહોતા. ત્રીજા દાતા પરિવાર (શૈક્ષણિક) શ્રીમતી મંજુલાબેન પ્રવિણચંદ્ર ચંદુલાલ શાહ પરિવારમાંથી સંજોગોવસાત કોઈ ઉપસ્થિત રહી શકેલ નહીં.

સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ, તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી અરવિંદભાઈ કાંતીલાલ શાહ, ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ, મંત્રીશ્રીઓ શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ, શ્રી પિયુષભાઈ કાંતીલાલ શાહ, શ્રી ભરતભાઈ એન. કુવાડીયા, ખજાનચી શ્રી ગીરીશભાઈ કાંતીલાલ શાહ, સહ ખજાનચી શ્રી કેતનભાઈ કનૈયાલાલ શાહ તથા સંઘ પી.આર.ઓ. શ્રી દીપકભાઈ ગુલાબચંદ ગાંધી ઉપસ્થિત હતા.

આ ઉપરાંત શ્રી સંઘના ટ્રસ્ટીશ્રીઓ શ્રી જયેન્દ્રભાઈ એચ. શાહ, શ્રી પ્રકાશભાઈ આર. શાહ ઉપસ્થિત રહી સમારંભની શોભા વધારી હતી. તપશ્ચર્યા બહુમાન કમીટીના કન્વીનર શ્રી જીતેન્દ્રભાઈ ગોવીંનજી શાહ તપશ્ચર્યા બહુમાન સમારંભને સફળ બનાવવા કમીટીના નિયુક્ત થયેલ સભ્યોના સથવારે ખૂબજ સારો માહોલ નિર્માણ કર્યો હતો. તપસ્વીઓને અપાતા પાસથી લઈને આમંત્રિત મહેમાનોને મોકલાતા આમંત્રણ કાર્ડ વગેરે સમયસર સૌને પહોંચે તે માટે સતત પ્રયત્નો શ્રી મુકેશભાઈ યુ. શાહે કર્યા હતા. સમયસર કમીટીના સભ્યોની મીટીંગ બોલાવવી - સૌના વિચારો જાણી જમણવારનું મેનુ નક્કી કરવું - તપસ્વીના તપની અનુમોદનાર્થે સંગીતકાર તથા પ્રવક્તાની વ્યવસ્થા કરવી - તપસ્વીઓને આપવા માટે પ્રભાવના નક્કી કરી. દાતાઓનો સંપર્ક કરી તપસ્વી અનુમોદના માટે સારી રકમ એકત્રિત કરી તપસ્વીઓનું સન્માન કરવુ વગેરે દરેક કામ સંઘના શ્રી મુકેશભાઈ શાહ, શ્રી ગીરીશભાઈ શાહ અને શ્રી કેતનભાઈ શાહ, શ્રી મીતેશભાઈ શાહ સાથે રાખી ખુબજ સારી રીતે સફળતાપૂર્વક પાર પાડયુ હતુ.

ઝાલાવાડ બિઝનેસ ફોરમના વાઈસ ચેરમેન શ્રી કિરણભાઈ કાંતીલાલ શાહ, શ્રી સમીર બાબુલાલ, પ્રસંગની શોભા વધારવા પધાર્યા હતા. આ ઉપરાંત આપણા ઝાલાવાડી સમાજના પરા ઉપ નગરના મંડળો - યુવા મંડળોના પ્રતિનિધિઓ શ્રી વિપુલભાઈ પ્રાણલાલ બગડીયા, શ્રી નિલેષ અનોપચંદ શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ઝાલાવાડ મંડળ કાંદિવલીના સેવાભાવી કાર્યકર્તાઓએ વગેરેએ આ કાર્યક્રમની તથા ભોજન વ્યવસ્થામાં ખુબજ સુંદર સહયોગ આપ્યો હતો.

આ ઉપરાંત તપશ્ચર્યા બહુમાન કમીટીના સભ્યો શ્રી નીશીતભાઈ વોરા ઉપર બહુમાન વખતે સંઘના પદાધિકારીઓ તથા શ્રી જીતેન્દ્રભાઈ ગોવિંનજીભાઈ શાહને ખૂબજ સારી રીતે મદદગાર બન્યા હતા. આ ઉપરાંત પ્રભાવના વગેરે તપસ્વીઓને આપવાની

સુંદર - સફળ વ્યવસ્થા તપશ્ચર્યા બહુમાન કમીટીના સભ્યો શ્રી નિલેષભાઈ અનોપચંદ શાહ, શ્રી જીગ્નેશભાઈ વસંતલાલ શાહ, શ્રી મનીષભાઈ એસ. શાહ વગેરેએ કરી હતી.

મંત્રી શ્રી મુકેશભાઈ શાહે બહુમાનના કાર્યક્રમની શરૂઆત કરતા સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈ શાહને આવકાર પ્રવચન આપવા વિનંતી કરી હતી. દાતા પરિવારોને મંચ પર પધારવા આમંત્રણ આપેલ હતું. થયેલ તપશ્ચર્યાઓ - વિદ્યાર્થીઓ વગેરેની પ્રાથમિક જાણકારી આપ્યા બાદ સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈ શાહે સૌથી પ્રથમ તપસ્વીઓના તપની ભુરિ ભુરિ અનુમોદના કરી હતી. દાતાઓની ઉદાત ભાવનાને બિરદાવી હતી. સાથોસાથ જે વિદ્યાર્થીઓએ પારિતોષિકો મેળવવા માટે પાત્રતા પ્રાપ્ત કરી છે તે સૌને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ આપેલ હતી. સૌનું ઋણ સ્વીકાર કરેલ હતું. સંઘની જરૂરીયાત મુજબના દરેક કામો ધીમે ધીમે પરંતુ મક્કમ પણે સાકાર કરવા પ્રયત્નો કરીશુ તેમ કહેતાની સાથો સાથ તેઓએ અન્ય યોજના વિશે જાણકારી આપી હતી. શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવશે.

આ ઉપરાંત આ તપસ્વી બહુમાન કાર્યક્રમને સફળ બનાવવા પરિશ્રમ કરનાર તપસ્વી બહુમાન કમીટીના કન્વીનર શ્રી જીતેન્દ્રભાઈ ગોવિંદજી શાહ - સંઘના ત્રણે મંત્રીઓ - તપસ્વી બહુમાન કમીટીના સભ્યો - મંડળો, યુવામંડળો તથા મહિલા મંડળના કાર્યકર્તાઓને ખૂબ ખૂબ ધન્યવાદ આપ્યા હતા. સાથો સાથ આપણા ઝાલાવાડી સમાજમાં કાર્યરત આપણી અન્ય સંસ્થાઓ - ઝાલાવાડ ફાઉન્ડેશન, ઝાલાવાડ બીઝનેસ ફોરમ - ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ, મંડળો યુવામંડળોના સર્વ ઉપસ્થિત પદાધીકારીઓનું ઋણ સ્વીકાર કરતાની સાથોસાથ આ દરેક સંસ્થાઓને એક સુત્રતાથી બાંધી રાખવા તેવી રજુઆત કરી હતી.

ત્યારબાદ શ્રી જીતેન્દ્રભાઈ ગોવિંનજી શાહે આ વરસે થયેલ વિવિધ તપશ્ચર્યાઓની જાણકારી આપીહતી. સાથો સાથ પારિતોષીકો મેળવતા વિદ્યાર્થીઓની જાણકારી આપી હતી. પોતાની વાત રજુ કરતા તેઓએ જણાવેલ કે શ્રી સંઘે તથા સંઘ પ્રમુખે મારામાં વિશ્વાસ મૂકી મને આ જવાબદારી સોંપી છે તે પૂરી કરવા પોતે સૌના સહકાર સાથે સદાયે પ્રયત્નો કરતા રહેશે.

ત્યારબાદ બહુમાનનો કાર્યક્રમ હાથ ધરવામાં આવતા નીચે મુજબ દાતાઓ તથા તપસ્વીઓના બહુમાન તિલક કરી શ્રીફળ આપી શાલ ઓઢાડી કરવામાં આવ્યું હતું. તપસ્વી બહુમાન સમારંભના કાયમી દાતા શ્રીમતી રંજનબેન પરિવારના શ્રી હર્ષદભાઈ દીપચંદ શાહનું બહુમાન સંઘપ્રમુખ શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહે કરેલ હતું.

માસક્ષમણ (૩૦ ઉપવાસ)ના તપસ્વી શ્રીમતી પાયલ જેનીલ બગડીયાનું બહુમાન શ્રીમતી ભામીનીબેન દિલીપભાઈ શાહે કરેલ હતું.

આ રીતે ઉપસ્થિત દરેક મોટી તપશ્ચર્યાના તપસ્વી રત્નોનું બહુમાન દાતા પરિવારના સભ્યો - ટ્રસ્ટીશ્રી - પ્રમુખશ્રી દ્વારા પુરૂ થયા પછી સૌ તપસ્વીઓને વિનંતી કરવામાં આવેલ તેઓએ પોતાનું બહુમાન - પ્રભાવના વગેરે પોતાનું કાર્ડ બતાવી મેળવી લેવા. ત્યારબાદ કન્વીનર શ્રી જીતેન્દ્રભાઈ ગોવીંનજી શાહે જે વિદ્યાર્થીઓને પારિતોષીક મળે છે. તેમાંથી થોડાક તેજસ્વી બાળકોને સ્ટેજ પર બોલાવી તેઓનું યથોચિત બહુમાન કરવામાં આવેલ. બાકીના વિદ્યાર્થીઓએ કાઉન્ટર પરથી પોતાનું પારિતોષિક તથા પ્રભાવના મેળવી લેવાની જાહેરાત કન્વીનરશ્રીએ કરેલ હતી.

આ વખતે વર્ષ ૨૦૮૦માં આપણા શ્રી સંઘમાં કુલ નાની મોટી તપશ્ચર્યાઓ થઈ હતી. આની સંપૂર્ણ માહીતી અલગ છાપેલ છે. જ્યારે આ વખતે ૪૦ વિદ્યાર્થીઓને પારિતોષીક આપવામાં આવ્યા હતા. આ વિગત પણ અલગ છાપેલ છે. આ પ્રસંગે આપણે ત્યાં સંગીતકાર ભવ્ય શાહની સાથે 'તપોવંદના' શ્રી ઋષભ કુબડીયા સુંદર રજૂઆત કરેલ. સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈ શાહે શરૂ કરેલ નવી વિકાસ યાત્રા અને તેમના નેતૃત્વમાં ગત બે વર્ષમાં યાત્રિક ભવન બ્લોક રિનોવેશન, નવી લીફ્ટ, ભોજનશાળા, એ.સી., સોલાર પ્લાન્ટ, ગરમ પાણીના નવા બે હીટ પંપ, મુંબઈ અંધેરી ખાતે શ્રી સંઘ અને ફાઉન્ડેશનની માલિકીની નવી ઓફીસ.

આ પ્રસંગે ઉપસ્થિત ઝાલાવાડ બિઝનેસ ફોરમના વાઈસ ચેરમેન શ્રી કિરણભાઈ કાંતીલાલ શાહે ઝેડ.બી.એફ દ્વારા પ્રવૃત્તિઓની વિગતો આપેલ હતી.

ત્યારબાદ તપશ્ચર્યા બહુમાન કમીટીના કન્વીનર શ્રી જીતેન્દ્રભાઈ ગોવિંનજી શાહે આભાર દર્શન કરતા જણાવેલ કે દાતા પરિવારો જે સાથ સહકાર આપે છે તે અવિસ્મરણીય છે. તેઓના ઉત્સાહ થી કાર્યકર્તાઓને કાર્ય કરવાની પ્રેરણા મળે છે. તેઓનો અંતઃકરણ પૂર્વક આભાર માનેલ. તપસ્વીઓના તપની અનુમોદના કરી હતી. તથા તેઓ સૌ ઉપસ્થિત રહ્યા તે બદલ તેઓનું તથા વિદ્યાર્થીઓની ઉપસ્થિતી બદલ ઋણ સ્વીકાર કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા સંઘના પદાધિકારીઓ તથા કમીટી સભ્યોએ આપેલ સહકાર બદલ તે સૌનો ખૂબ ખૂબ આભાર માનેલ. આ ઉપરાંત તપશ્ચર્યા બહુમાન કમીટીના સભ્યોએ દરેક મીટીંગમાં

ઉપસ્થિત રહી આપેલ યોગદાન બદલ તે સૌનું ઋણ સ્વીકાર કરેલ. આ પ્રસંગે ભોજનખંડની વ્યવસ્થા સંભાળનાર ઝાલાવાડ મંડળ કાંદીવલીના સભ્યો - પ્રભાવના વગેરેના કાઉન્ટર સંભાળનાર ઝાલાવાડ સંઘના કારોબારી સભ્યોનો પણ સુંદર સફળ વ્યવસ્થા બદલ આભાર વ્યક્ત કર્યા અને આ પ્રસંગે વિવિધ સંસ્થાઓના જે પ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યા તે સૌનો અંતરના ઓવારેથી આભાર માન્યો હતો.

આ અહેવાલ પૂરો કરતાં પહેલા જો કમીટી સભ્યો અને કાર્યકર્તાઓની ઉપસ્થિતીનો ઉલ્લેખ ન કરીએ તો આ અહેવાલ અધુરો જ ગણાય. તપસ્વી બહુમાન પ્રસંગે તપની અનુમોદનાર્થે નીચે મુજબ ભેટની રકમ આવેલ હતી. જેમાંથી તે સર્વે દાતાઓ વતી ૩૦ કે ૩૦ થી વધુ ઉપવાસ કરનાર તપસ્વીને રૂા.૧૦૦૦/-નું પ્રભાવના કરવામાં આવેલ. ૧૬ કે ૧૬થી વધુ ૨૯ ઉપવાસ સુધીનાં તપસ્વીઓને રૂા.૫૦૦/-નું પ્રભાવના કરવામાં આવેલ હતું. અને છ ઉપવાસથી ૧૫ ઉપવાસ સુધીના તપસ્વીઓને રૂા.૩૦૦/-ની પ્રભાવના કરવામાં આવેલ. આ દાતાઓ પાસેથી રૂા.૩ એટલે ૯૦૦/- રૂપિયા મુજબ રકમ પ્રભાવના માટે આવેલ હતી. આ સર્વે દાતાઓના નામો નીચે મુજબ છે.

માતુશ્રી શકરીબેન ચીમનલાલ શાહ પરિવાર (લીંબડી હાલ મુંબઈ) તરફથી શ્રીફળ નંગ ૧ તથા રૂપિયા ૧ની પ્રભાવના આપવામાં આવેલ. માતુશ્રી ઈન્દુમતીબેન વ્રજલાલ પોપટલાલ બાબરીયા (બરવાળા સાયન, મુંબઈ) તરફથી દરેક તપસ્વીને રૂા.૨૦/-નું કવર એકની પ્રભાવના આપવામાં આવી હતી. પધારેલ દરેક દાતા મહેમાનો, સભ્યો ભોજન લઈ સ્વગૃહ તરફ પ્રયાણ કરેલ.

## તપસ્વી બહુમાન પ્રસંગે હાજર રહેલા કમીટી મેમ્બરો તથા કાર્યકર્તાઓ

**મલાડ :** શ્રી જીગ્નેશ વી. શાહ, શ્રી નિશિત એચ. વોરા, **કાંદિવલી :** શ્રી ધર્મેશ જે. શાહ (લાલુ), શ્રી જીતેન્દ્ર કે. શાહ (ટીનૂ), શ્રી દીપેશ પી. બગડીયા, શ્રી વિપુલ પી. બગડીયા, શ્રી સંજીવ એસ. શાહ (મેહુલ) **બોરીવલી :** શ્રી મેહુલ આર. મહેતા, શ્રી જયેશ એચ. ગાંધી, શ્રી કૌશિક પરીખ, શ્રી મનીષ એસ. શાહ, શ્રી પ્રદીપ એમ. શાહ, શ્રી વિજય એન. શાહ **દહિસર :** શ્રી સંજય એમ. શાહ **મીરારોડ :** શ્રી મેહુલ ડી. શાહ **ભાયંદર :** શ્રી રૂપેશ સી. શાહ, શ્રી અમિત એમ. શાહ, શ્રી જીગ્નેશ એ. શાહ **વસઈ રોડ :** શ્રી નરેશ સી. શાહ **નાલાસોપારા :** દિલિપભાઈ ટી. શાહ **થાણા :** શ્રી ધીરજલાલ સી. કોઠારી **સાયન :** શ્રી ધીરૂભાઈ આર. સંઘવી

## તપસ્વી બહુમાન પ્રસંગે હાજર રહેલા ટ્રસ્ટી અને હોદ્દેદારો

પ્રમુખ શ્રી દિલિપભાઈ કે. શાહ, આઈ.પી.પી. શ્રી અરવિંદભાઈ કે. શાહ, ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ વી. શાહ, મંત્રી સર્વ શ્રી મુકેશભાઈ યુ. શાહ, શ્રી પીયુષભાઈ કે. શાહ, શ્રી ભરતભાઈ એન. કુવાડીયા, સહમંત્રી શ્રી મિતેષભાઈ એસ. શાહ, ખજાનચી શ્રી ગિરીશભાઈ કે. શાહ, સહખજાનચી શ્રી કેતનભાઈ કે. શાહ, પી.આર.ઓ. શ્રી દીપકભાઈ જી. ગાંધી, ટ્રસ્ટી શ્રી જયેન્દ્રભાઈ એચ. શાહ, શ્રી પ્રકાશભાઈ આર. શાહ, **ફાઉન્ડેશનના હોદ્દેદારો :** મંત્રી શ્રી કેતનભાઈ એ. શાહ, ખજાનચી શ્રી કિરણભાઈ કે. શાહ.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-મુંબઇ
## તપસ્વી બહુમાન પ્રસંગે તપની અનુમોદનાર્થે આવેલ પ્રભાવનાની રકમની યાદી

**સંવત ૨૦૮૦ ના ભાદરવા વદ-૫ રવિવાર તા.૨૨-૦૯-૨૦૨૪**

**સ્થળ : દામોદરવાડી - કાંદીવલી (પૂર્વ)**

| ક્રમ | રૂા. | નામ | વિસ્તાર |
|---|---|---|---|
| ૧. | - | માતુશ્રી કુંદનબેન જીતેન્દ્રભાઇ શાહ (સાકરનો પડો નંગ.૧) | મલાડ |
| ૨. | - | માતુશ્રી શકરીબેન ચીમનલાલ શાહ ઘડીયાળી પરિવાર-શ્રીફળ સાથે રૂ.૧/- | વાલકેશ્વર |
| ૩. | ૧૦/- | શ્રીમતી ભામીનીબેન દીલીપભાઇ શાહ (સંઘપ્રમુખશ્રી) | દાદર |
| ૪. | ૧૦/- | માતુશ્રી સવિતાબેન વૃજલાલ શાહ (હ. ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઇ) | ગોરેગામ |
| ૫. | ૧૦/- | શ્રીમતી ચંદનબેન અરવિંદભાઇ શાહ (IPP) | બોરીવલી |
| ૬. | ૧૦/- | ટ્રસ્ટીશ્રી સંજયભાઇ ભાઇલાલ શાહ | કાંદીવલી |
| ૭. | ૧૦/- | શ્રીમતી ચંદ્રિકાબેન કીર્તીભાઇ શાહ (હ. શ્રી ધીરૂભાઇ સંઘવી) | ઘાટકોપર |
| ૮. | ૧૦/- | શ્રી ગોવનજીભાઇ સાકરચંદ શાહ પરિવાર (હ.જીતેન્દ્રભાઇ શાહ) | મલાડ |
| ૯. | ૧૦/- | શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંતભાઇ શાહ | વાલકેશ્વર |
| ૧૦. | ૧૦/- | શ્રીમતી રંજનબેન હર્ષદભાઇ શાહ | વાલકેશ્વર |
| ૧૧. | ૧૦/- | માતુશ્રીલીલાવતીબેન હસમુખલાલ શાહ (બોટાદ) | મલાડ |
| ૧૨. | ૧૦/- | માતુશ્રી સરોજબેન વસંતલાલ શાહ | મલાડ |
| ૧૩. | ૧૦/- | શ્રી રમણીકભાઇ દીપચંદ વોરા | મલાડ |
| ૧૪. | ૧૦/- | શ્રીમતી જયાબેન પોપટલાલ શાહ | મલાડ |
| ૧૫. | ૧૦/- | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ (હ. શ્રી મહેન્દ્રભાઇ) | ગોરેગાંવ |
| ૧૬. | ૧૦/- | શ્રીમતી જસ્મીનાબેન કિરણભાઇ શાહ | અંધેરી |
| ૧૭. | ૧૦/- | શ્રીમતી જશુમતીબેન હરીલાલ શાહ (હ.રજનીભાઇ) | તારદેવ |
| ૧૮. | ૫/- | ટ્રસ્ટીશ્રી જયેન્દ્રભાઇ હરીલાલ શાહ | વડાલા |
| ૧૯. | ૫/- | મંત્રીશ્રી પિયુષભાઇ કાંતીલાલ શાહ | કાંદીવલી |
| ૨૦. | ૫/- | મંત્રીશ્રી ભરતભાઇ નેમીચંદ કુવાડીયા | ગ્રાંટરોડ |

૨૧.૫/- પી.આર.ઓ. શ્રી દિપકભાઇ ગુલાબચંદ ગાંધી વિલેપાર્લા
૨૨.૫/- શ્રી મહેન્દ્રભાઇ ચીમનલાલ શાહ અંધેરી
૨૩.૫/- શ્રીમતી અંજનાબેન અતુલભાઇ પરીખ અંધેરી
૨૪.૫/- શ્રી અશ્વિનભાઇ પદ્મકાંત શાહ બોરીવલી
૨૫.૫/- શ્રીમતી અમીતાબેન કૌશીકભાઇ પરીખ બોરીવલી
૨૬.૫/- સમાજરત્ન શ્રી ચિનુભાઇ હિંમતલાલ શાહ વાલકેશ્વર
૨૭.૫/- ઉપપ્રમુખ શ્રી કમલેશભાઇ મહાસુખલાલ પારેખ ઘાટકોપર
૨૮.૫/- શ્રીમતી સ્મીતાબેન સુભાષભાઇ શાહ મીરારોડ
૨૯.૫/- શ્રી ધીરૂભાઇ રતીલાલ સંઘવી ચુનાભટ્ટી
૩૦.૫/- શ્રી રમેશભાઇ ફકીરચંદ શાહ સાંતાક્રુઝ
૩૧.૫/- શ્રી મહેન્દ્રભાઇ રસીકલાલ કામદાર વિલેપાર્લા
૩૨.૫/- શ્રી કાંતીલાલ જીવરાજ માથુકીયા મલાડ
૩૩.૫/- શ્રી મુગટભાઇ માણેકલાલ શાહ અંધેરી
૩૪.૫/- શ્રી મહેન્દ્રભાઇ વાડીલાલ શાહ વિલેપાર્લા
૩૫.૫/- માતુશ્રી સુશીલાબેન કાંતિલાલ શાહ
(હ. શ્રી પ્રદીપભાઇ) કલ્યાણ
૩૬.૫/- શ્રીમતી ચંદ્રીકાબેન હેમેન્દ્રભાઇ વોરા મલાડ
૩૭.૫/- શ્રી જયપ્રકાશભાઇ શાંતિલાલ દેસાઇ પરિવાર
(હ.શ્રી આનંદભાઇ /શ્રી રાજુભાઇ) બોરીવલી
૩૮.૫/- શ્રીમતી રંજનબેન જીતેન્દ્રભાઇ ધ્રુવ કાંદીવલી
૩૯.૩/- માતુશ્રી જયાબેન ઉત્તમચંદ શાહ
(હ.મંત્રી શ્રી મુકેશભાઇ) ભાયંદર
૪૦.૩/- ખજાનચીશ્રી ગીરીશભાઇ કાંતીલાલ શાહ કાંદીવલી
૪૧.૩/- માતુશ્રી વિનોદીબેન કનૈયાલાલ શાહ
(હ. સહખજાચીશ્રી કેતનભાઇ) મલાડ
૪૨.૩/- શ્રીમતી પ્રેમીલાબેન સુર્યકાંત ચંદુલાલ શાહ
(હ.શ્રી મનીષભાઇ) બોરીવલી
૪૩.૩/- શ્રી દીલીપભાઇ ત્રંબકલાલ શાહ નાલાસોપારા
૪૪.૩/- શ્રી હિંમતલાલ લાલચંદ મઠીયા
(હ. બીપીનભાઇ) મલાડ
૪૫.૩/- માતુશ્રી ગુણવંતીબેન સેવંતીલાલ દોશી
(હ. શ્રી મિલનભાઇ દોશી) મલાડ
૪૬.૩/- શ્રીમતી રસીલાબેન પ્રવિણચંદ્ર કુવાડીયા મલાડ
૪૭.૩/- શ્રીમતી પ્રતિમાબેન નરેશભાઇ શાહ
(હ. શ્રી નરેશભાઇ) વસઇ
૪૮.૩/- શ્રીમતી શૈલાબેન પ્રદિપભાઇ શાહ બોરીવલી
૪૯.૩/- શ્રીમતી જ્યોત્સનાબેન ચંદ્રકાંતભાઇ શાહ
(હ. શ્રી રૂપેશભાઇ) ભાયંદર
૫૦.૩/- શ્રી હેમેન્દ્રભાઇ પ્રવિણચંદ્ર મહેતા કાંદીવલી
૫૧.૩/- શ્રી સમીરભાઇ બાબુલાલ શાહ કાંદીવલી

માતુશ્રી ઇંદુમતીબેન વૃજલાલ પોપટલાલ બાબરીયા - સાયન
અલગ કવર

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-મુંબઇ**
**જ્વલંત સફળતા પ્રાપ્ત કરી પારિતોષિક**
**પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ**

દરેક વિદ્યાર્થીને સંઘ તરફથી બોલપેન - કીચેઈનનો સેટ નંગ ૧ (દરેકના પોતાના નામ સાથેનો) તથા માતુશ્રી ઈન્દુમતીબેન વૃજલાલ પોપટલાલ બાબરીયા પરિવાર તરફથી રૂા.૨૫૦/-નું કવર

**એસ.એસ.સી. (ધોરણ ૧૦)**

(૧) પ્રીશા જીતરાજ શાહ (૨) આદિત સંદીપ કોઠારી
(૩) સ્નેહ આશિષ સંઘવી (૪) દિશા દક્ષેશ બારભાયા
(૫) કલ્પ પ્રતીક શાહ (૬) ધૈર્ય ચિરાગ શાહ
(૭) અર્હમ વિરાગ વસાની (૮) મિતી કેયુર શાહ
(૯) મોક્ષ પંકજ પારેખ (૧૦) કેયુર રમેશ શાહ
(૧૧) વિસૃતિ પરેશ કપાસી (૧૨) માહિર નિખિલ શાહ

**એચ.એસ.સી. (ધોરણ ૧૨)**

(૧) કાવ્યા જયરાજ શાહ (૨) યુગ ચેતન દેસાઈ
(૩) કેયા ભદ્રેશ સંઘવી (૪) અક્ષત નિલેશ શાહ
(૫) ધ્રુવિન પ્રણવ વોરા (૬) પાર્થી દિપેશ કપાસી
(૭) યશ મનીષ વોરા (૮) નેમિલ કમલ શાહ
(૯) પાર્શ્વ મૌનીલ માથુકીયા (૧૦) આગમ દર્શન ગાંધી
(૧૧) પર્વ વિમલ શાહ (૧૨) ધર્મી કમલેશ સલોત

**આઈ. સી. એસ. ઈ.**

(૧) સ્વરા જીતેશ દેસાઈ

**સી.એ.**

(૧) કશ્વી શૈશવ શાહ (૨) મીત તુષાર કુવાડીયા
(૩) નિશિત સુનીલકુમાર શાહ (૪) રૂચિતા પ્રદીપ શાહ

**અન્ય ડીગ્રી**

(૧) દેવાંશી મનીષ બારભાયા - બી.ફીજીયોથેરેપી
(૨) જિનય રાજેશ બાવીશી - બી. ટેક.
(૩) જશ બ્રિજેશ શાહ - બી. ટેક.
(૪) વિરતિ તુષાર કુવાડીયા - સી.એમ.એ.
(૫) સાહિલ પૂનમ શેઠ - સર્ટ.પબ્લિક એકાઉંટ
(૬) પ્રયુષ પૂર્વેશ બગડીયા - ડિપ.કોમ્પ.એન્જી.
(૭) જૈનમ દક્ષેશ બારભાયા - આઈ.ટી.
(૮) જિનાલી રૂપેશ શાહ - એલ.એલ.બી.
(૯) જિનિશા ઉદય મહેતા - એમ.બી.એ.
(૧૦) શ્રેય રાજેશ શાહ - પી.જી.ડી.એમ.

M.: 8779478720 Email : bhavikadoshi456@gmail.com


# BHAVIKA BAVISHI

B.Com, L.L.B.
(Sp. in Property & Family Matter)

**Deal in :**
**Family Matter, will Probate, Marriage Registration, Property etc.**

Address : 2A/3A, Om Shree Siddhivinayak Soc., Hanuman Cross Road No.2, Opp. Shivaji School, Vile Parle (E), Mumbai - 400057

---




Tel. : 26101465
98204 48920

JAIN JYOTISH ACHARYA

# Jyoti Bavishi

**Astrologer • Palmist • Pyramidal Vaastu Shastri**
**Feng Shui • Signature & Handwriting Verified**

Om Shri Siddhi Vinayak Society, Flat No. 2A & 3A, Hanuman X Road No.2, Opp. Shivaji School, Vile Parle (E), Mumbai-57.

**VISIT BY APPOINTMENT**

---

# શેઠ કન્સ્ટ્રકશન કું.

શ્રી મહાવીર પાઈપ ઈન્ડ.
(સુરત) મેન્યુફેકચરર્સ
આર.સી.સી. હ્યુમ પાઈપ્સ
(N.P. & Np.)

શ્રીજી પાઈપ ઈન્ડ (સુરત)
મેન્યુફેકચરર્સ
આર.સી.સી.હ્યુમ પાઈપ્સ (Np.)
ચેનલસ, મીઝેક, એન્ડ ચેકર્ડ
ટાઈલ્સ આ.સી.સી. કવર્સ અને
વેન્ટ સાફ્ટસ
(BMC Approved)

ઓફીસ : ૫૦૭/૫૦૮ સંજાર એન્કલેવ, મિલાપ સીનેમા સામે,
એસ.વી.રોડ, કાંદીવલી (વે.), મુંબઈ – ૪૦૦ ૦૬૭.
ફોન.: (૦૨૨)૨૮૦૬૨૧૬૧/૪૦૧૩૨૧૬૦ મો.:૯૮૨૧૧૨૦૦૨૧ અજય
ઘર : ૨૮૦૭૨૮૨૩ / ૨૮૦૫૧૧૬૪

---

Abhijit Shah
M.:9773380129/9870202339



## NEW INDIA ENGINEERING CO.

**Manufacturers & Stockists Of :**

- Stainless Steel Socket Weld, But Weld, Threaded Fittings
- Bar Fittings & Flanges
- Dairy Fittings
- Triclover Fittings
- Ferrule & Flair Fittings
- S.S. Valves & Cocks
- Strainers & Quick Release Couplings
- S.S.,304,310,316 Rods, Pipes & Sheets
- S.S.,M.S.& Hi Tensil Fastners.

A/002 Arihant Bldg. Govind Nagar, Sodawala Lane,
Borivali (W), Mumbai - 400 092
**E-mail :** abhijitshah@hotmail.com

---

# DR. PLUMBER


**Licensed Plumber Enlargement of BMC Water Connection, Repairs of overall Plumbing & Sanitation Job, Installation & Repairing of Submersible water Pumps, Water Tank Cleaning with imported Machine,**

dr.plumbermumbai@gmail.com
Vile Parle (East),
Kiran K. Vora. : 9820035858 / 9920035858
Off. Mob. : 9324435858 / 9820025858

---

।।દાદા ભગવાનનો અસીમ જયજયકાર હો।।

દુનિયાભરમાં વસતા સ્વજનો, વેપારી અને વિદ્યાર્થીઓ માટે કપડા, વાસણ, મિઠાઈ, મસાલા, નાસ્તા તથા અન્ય સામગ્રી ઘરેબેઠાં ઝડપથી પહોંચાડવા



**Super Air COURIER**
Only International

ભાવિન હર્ષદરાય મોદી
(પાલીતાણાવાળા)
M.: 9819191883
Tel.:
022-28888667
મલાડ (વેસ્ટ)

અતુલભાઈ ચોકસી
(પાટણવાળા)
M.: 9820798171
બોરીવલી (વેસ્ટ)

**તમારા ઘરે થી પિકઅપ કરીશુ.**

---

**Late Anopchand M.Kothari**
M/S. KIRTI STEEL INDUSTRIES
M/S. KIRTI TRADING CORPO.
M/S. KUNAL FASTNER HOUSE L.L.P

Off. No. : 23446121/66595864
23410066/23112066
23112935/0250 3214798
Fax No. : 23423575
Kirti Mob. : 9821055592

***Manufacturers & Engineers :***
**S.S. Bolts, Nuts,S.S. Coach Screw,Wood Screw & Fastners,**

**Office :** 155, Narayan Dhuru Street, Ground Floor, Mumbai-400 003
**Sales Office :** 102, Narayan Dhuru Street, Gr., Flr., Mumbai-400 003
**Sales Depo :** 12, Shive Shambhu Ind. Estate, B/H. Nidhi Estate, Near Burmashell Petrol Pump, Waliv, Vasai (East),Thane-401208

---

## THE NATIONAL BOOK DEPOT

*For all Your requirements of Medical, Dental, Nursing, Pharmacy, Physiotherapy, Homoeopathic, Veterinary Books*

Opp. Wadia Children's Hospitals, Parel (Central Railway), Mumbai - 400012
Tel : 022-2413 1362 / 2416 5274 / 2413 0877 / 97570 01960 / 97570 01961
Timing : 11 am To 7 pm (Monday To Saturday) Sunday Closed
E-mail : nationalbook55@gmail.com
Website : www.nationalbookdepot.com
**Rajendra Shah - Cell : 93 22 88 4688 / 80 80 88 4688**
**Vaidehi Shah - Cell : 98 33 93 6737**

---

## હેમા ગાંધી એન્ડ ગ્રુપ

*લગ્ન ગીતો, સાંજી માળા, જૈન સ્તવન, શ્રદ્ધાંજલી, ભાવ યાત્રા, રાસ ગરબા તથા હિન્દી ઓરકેસ્ટ્રા માટે.*

**-: સંપર્ક : -**
**૨૦૨, માનવ મેન્શન, સરોજિની રોડ,**
**મેક ડોનાલ્ડની બાજુમાં,**
**વિલેપારલા (વેસ્ટ),**
**મુંબઈ - ૪૦૦૦૫૬.**
**મોબાઈલ : ૯૮૨૧૦ ૨૯૦૯૬**

---

MAHAVIR

## શ્રી મહાવીર સ્ટેશનરી માર્ટ

૧૪૪-૪૬, બાપુ ખોટે સ્ટ્રીટ,
૧લે માળે, મુંબઈ – ૪૦૦૦ ૦૩
ફોન : ૨૩૪૬૨૯૬૭,
૨૩૪૬૪૪૬૨

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - બોરીવલી

ઉપરોક્ત મંડળની વાર્ષિક સામાન્ય સભા તા.૧-૮-૨૦૨૪નાં રોજ સવારે ૧૦ વાગ્યે મંડળના કાર્યાલયમાં રાખવામાં આવેલ હતી. મંડળની સામાન્ય સભા પૂરી થતાં વર્ષ ૨૦૨૪થી વર્ષ ૨૦૨૭ સુધીનાં ત્રણ વર્ષ માટે ટ્રસ્ટીઓ તથા કારોબારી સભ્યોની ચૂંટણી કરવાનું કાર્ય હાથ ધરવામાં આવેલ હતું. ચૂંટણી કમીશ્નર શ્રી મહેશભાઈ એસ. શાહે જણાવેલ હતું કે દરેક વિભાગમાં જેટલી સીટની જરૂરીયાત હતી. તે પ્રમાણે જ ઉમેદવારનાં નામ આવ્યા છે તો દરેક ઉમેદવાર ને વિભાગવાર બીનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ હતા. જેમના નામ નીચે મુજબ છે.

**(૧) શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ - ટ્રસ્ટી (૨) શ્રી કૌશિકભાઈ અમુલખભાઈ પરીખ - ટ્રસ્ટી (૩) શ્રી અનીલભાઈ વાડીલાલ ટોલીયા - ટ્રસ્ટી.**

કારોબારી સભ્યો તથા ઓફીસ બેરરનાં નામ નીચે મુજબ છે.

**શ્રી પ્રફુલ્લભાઈ લક્ષ્મીચંદ સલોત - પ્રમુખ**
**શ્રી પ્રદીપભાઈ મોહનલાલ શાહ - ઉપપ્રમુખ**
**શ્રી કેતનભાઈ અરવિંદભાઈ શાહ - મંત્રી**
**શ્રી અલ્પેશભાઈ સુરેશચંદ્ર ગાંધી - મંત્રી**
**શ્રી સંજયભાઈ મુળચંદભાઈ શાહ - મંત્રી**
**શ્રી મનીષભાઈ સુર્યકાન્તભાઈ શાહ - સહમંત્રી**
**શ્રી વિજયભાઈ નટવરલાલ શાહ - ખજાનચી**
**દિલીપભાઈ ત્રંબકલાલ શાહ - સહ ખજાનચી**

**કારોબારી સભ્ય, બોરીવલી વિભાગ**

શ્રી રસીકલાલ સુખલાલ શાહ, શ્રી દિનેશભાઈ ત્રંબકલાલ શાહ, શ્રી જયેશભાઈ હર્ષદભાઈ ગાંધી, શ્રી મેહુલભાઈ રમેશભાઈ મહેતા, શ્રી દિનેશભાઈ માણેકલાલ બારભાયા, શ્રી ઉદયભાઈ રતીલાલ મહેતા, શ્રી હરેશભાઈ મુળજીભાઈ બારભાયા, શ્રી વિજયભાઈ વૃજલાલ કોઠારી, શ્રી આનંદભાઈ જયપ્રકાશભાઈ દેસાઈ.

**કારોબારી સભ્ય-દહીંસર** -શ્રી સંજયભાઈ મનહરલાલ શાહ,

**કારોબારી સભ્ય, ભાયંદર**

શ્રી જીજ્ઞેશભાઈ અમૃતલાલ શાહ, શ્રી સંજયભાઈ ચંદુલાલ શાહ, શ્રી ભાવેશભાઈ રજનીકાંત શેઠ, **કારોબારી સભ્ય, વસઈ** - શ્રી નરેશભાઈ છબીલદાસ શાહ, **કારોબારી સભ્ય, વિરાર** - શ્રી રૌનકભાઈ મહેન્દ્રભાઈ શાહ.

નીચે મુજબનાં સભ્યોને કારોબારીની મંજુરીથી કો.ઓપ્ટમાં લેવામાં આવેલ છે.

(૧) શ્રી રૂપેશભાઈ ચંદ્રકાંતભાઈ શાહ - ભાયંદર (૨) શ્રી મીતેષભાઈ સુભાષભાઈ શાહ - મીરારોડ (૩) શ્રી અમીતભાઈ મનહરલાલ શાહ - ભાયંદર (૪) શ્રી યશવંતભાઈ ભાઈલાલભાઈ શાહ - નાલાસોપારા (૫) શ્રી વિરલભાઈ જગદીશભાઈ કપાસી - બોરીવલી.

આ રીતે આગામી ત્રણ વર્ષ માટે દરેક કમીટી મેમ્બર તથા કો.ઓપ્ટ સભ્યોની નીમણુક કરવામાં આવી હતી. આ માટે ચુંટણી પંચનાં ત્રણેય સભ્યો (૧) શ્રી મહેશભાઈ શાંતીલાલ શાહ - ચુંટણી પંચ કમીશ્નર (૨) શ્રી વિજયભાઈ મણીલાલ શાહ - ચુંટણી પંચ અધિકારી (૩) શ્રી જયંતીલાલ મણીલાલ શાહ - ચુંટણી પંચ અધિકારી.

ઉપરના ત્રણેય અધિકારીઓ તેમનો અમૂલ્ય સમય ફાળવીને ચુંટણીનું કાર્ય ખૂબ જ સુંદર રીતે પાર પાડેલ છે. તે માટે મંડળ તેમનો હૃદયપૂર્વક ખુબ ખુબ આભાર માને છે.

મંડળને છેલ્લા ઘણાં સમયથી **સાધર્મિક પરિવારોની ભક્તિ** માટે સારી એવી માતબર રકમની આર્થિક સહાય કરનાર ચુડા નિવાસી **એક સદગૃહસ્થ પરિવાર** તરફથી આર્થિક સહાય મળી રહેલ છે. તે બદલ મંડળ તેમની ભુરી ભુરી અનુમોદના સહ હૃદયપૂર્વક આભાર માને છે.

**નોટબુક વિતરણ – ૨૦૨૪**

મંડળ દ્વારા દર વર્ષની માફક વર્ષ ૨૦૨૪માં પણ મંડળે A/4 સાઈઝની સુપર ડીલક્ષ ક્વોલીટીની ૨૦૦ પેઈજની નોટબુકોનું મંડળનાં સભ્યો પરિવારનાં બાળકોને મંડળનાં ઉદારદિલ દાતાઓનાં આર્થિક સહયોગથી નોટબુકની મૂળ કિંમતથી ૭૦% ડિસ્કાઉન્ટથી આપવામાં આવેલ છે. મંડળનાં કાયમી દાતા શ્રી પાનાચંદ મનોરદાસ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ તથા છેલ્લા ઘણાં વર્ષોથી મંડળને આ વર્ષે પણ નોટબુક પ્રોજક્ટમાં આર્થિક સહાય કરનાર **માતુશ્રી વિજયાબા મૂળચંદભાઈ શેઠ પરિવાર** તથા આ વર્ષે ૨૦૨૪માં નોટબુક પ્રોજેક્ટમાં ખૂબ જ ઉદાર ભાવના રાખી અને ઉદાર દિલથી આર્થિક સહયોગ આપનાર કટુડા નિવાસી માતુશ્રી પુષ્પાબેન ત્રિભોવનદાસ શાહ પરિવારનાં પુત્રવધુ **શ્રીમતી સોનલબેન શૈલેષભાઈ શાહ** તરફથી મંડળને ખૂબજ સહકાર આપેલ છે. અને **શ્રી શૈલેષભાઈ**એ નોટબુકમાં છેલ્લા પાનાની જાહેરાત આપીને ખૂબજ ઉદારતા દાખવી છે. તેમ જ નોટબુકમાં અંદરનાં પાનાની જાહેરાત આપનાર દાતા શ્રી ભાવના રોડવેઝનાં **શ્રી મણીલાલભાઈ,** યુનીક જ્વેલર્સના **શ્રી દિનેશભાઈ** તથા વિધી બલ્ક ડ્રગ્સનાં **શ્રી અનીલભાઈ**એ પણ આર્થિક સહકાર આપ્યો તે બદલ મંડળ

દરેક દાતાઓનો ખૂબ ખૂબ આભાર માને છે. તેમજ નોટબુક પ્રોજક્ટ વર્ષ ૨૦૨૪માં નીચે મુજબનાં શુભેચ્છક દાતાઓએ પણ લાભ લઈ મંડળને ખૂબજ સુંદર આર્થિક સહકાર આપેલ છે.

(૧) માતુશ્રી લીલાવતીબેન લક્ષ્મીચંદ સલોત (૨) માતુશ્રી ચંચળબેન સુખલાલ શાહ (૩) શ્રી આગમ મનીષભાઈ શાહ (૪) શ્રીમતી અવનીબેન વિજયભાઈ શાહ (૫) શ્રી વિજયભાઈ વૃજલાલ કોઠારી (૬) શ્રી નેમિષભાઈ પણજીભાઈ શાહ (૭) શ્રીમતી શૈલાબેન પ્રદીપભાઈ શાહ (૮) શ્રીમતી સુશીલાબેન હરેશભાઈ બારભાયા (૯) શ્રી અમુલખભાઈ પુંજાભાઈ પરીખ (૧૦) માતુશ્રી લલીતાબેન અમુલખભાઈ પરીખ (૧૧) શ્રીમતી રંજનબેન મહેશભાઈ શાહ (૧૨) માતુશ્રી ચંદનબેન અરવિંદભાઈ શાહ (૧૩) માતુશ્રી જ્યોતિબેન જયપ્રકાશભાઈ દેસાઈ (૧૪) શ્રીમતી વર્ષાબેન રમેશભાઈ મહેતા (૧૫) શ્રી વિવેકભાઈ સંજયભાઈ શાહ (૧૬) શ્રીમતી વિધી વિનયભાઈ શાહ (૧૭) માતુશ્રી જ્યોતિબેન ભીખાલાલ શાહ (૧૮) શ્રીમતી વાસંતીબેન રતીલાલ મહેતા (૧૯) શ્રી ભીખાલાલ ત્રિભોવનદાસ શાહ (૨૦) શ્રીમતી રૂપાબેન મુકેશભાઈ શાહ (૨૧) માતુશ્રી મીનાબેન જગદીશભાઈ કપાસી (૨૨) માતુશ્રી લતાબેન સુરેશચંદ્ર ગાંધી (૨૩) શ્રી જગદીશભાઈ નૌતમદાસ કપાસી (૨૪) એક સદગૃહસ્થ તરફથી (૨૫) કુ. પ્રાચી ચેતનભાઈ શાહ (૨૬) માતુશ્રી વિમળાબેન રમણીકલાલ પરીખ (૨૭) શ્રી પાર્થ સંજયભાઈ શાહ (૨૮) શ્રી સુભાષભાઈ પદમકાંતભાઈ શાહ (૨૯) માતુશ્રી જ્યોત્સનાબેન ચંદ્રકાંતભાઈ શાહ (૩૦) માતુશ્રી જયાબેન ઉત્તમચંદ શાહ (૩૧) માતુશ્રી હંસાબેન જીતેન્દ્રભાઈ શાહ (૩૨) શ્રી દિલીપભાઈ ત્રંબકલાલ શાહ (૩૩) શ્રી વિપીનભાઈ વાડીલાલ ટોલીયા (૩૪) શ્રીમતી જ્યોતિબેન ભરતભાઈ કુવાડીયા (૩૫) શ્રી મહેતા પરિવાર (૩૬) માતુશ્રી જ્યોત્સનાબેન કિર્તીભાઈ બારભાયા (૩૭) માતુશ્રી જ્યોત્સનાબેન કિર્તીભાઈ બારભાયા (૩૮) માતુશ્રી જ્યોત્સનાબેન કિર્તીભાઈ બારભાયા (૩૯) માતુશ્રી જ્યોત્સનાબેન કિર્તીભાઈ બારભાયા (૪૦) માતુશ્રી જ્યોત્સનાબેન કિર્તીભાઈ બારભાયા (૪૧) માતુશ્રી જ્યોત્સનાબેન કિર્તીભાઈ બારભાયા (૪૧) માતુશ્રી કસ્તુરીબેન વખતચંદ પારેખ.

ઉપરોક્ત દરેક દાતાઓનો મંડળ હૃદયપૂર્વક આભાર માને છે. બોરીવલી વિભાગમાં નોટબુકનું ઓર્ડર - બુકીંગ તથા વિતરણ માટે શ્રી મુકેશભાઈ યુ. શાહ, શ્રી મનીષભાઈ શાહ, શ્રી જયેશભાઈ ગાંધી, શ્રી પ્રદીપભાઈ શાહ, શ્રી મેહુલભાઈ મહેતા, તથા શ્રી હરેશભાઈ બારભાયાએ સફળતાપૂર્વક નોટબુકોનું વિતરણ કરેલ હતુ. મીરારોડ વિભાગમાં શ્રી સંજયભાઈ તથા શ્રી મિતેષભાઈએ નોટબુકોનું સુંદર રીતે આયોજન કરીને વિતરણ કરવામાં આવેલ. ભાયંદર વિભાગમાં શ્રી મુકેશભાઈ તથા તેમનાં સાથી સભ્યોએ સારી રીતે નોટબુકોનું વિતરણ કરેલ હતું. વસઈ વિભાગમાં નોટબુકોનું વિતરણ શ્રી નિર્મલભાઈની દુકાનેથી નોટબુકોનું વિતરણ કરેલ અને શ્રી તેજસભાઈ તથા શ્રી નરેશભાઈએ નોટબુક વિતરણ કરવામાં ખુબજ સુંદર સાથ અને સહકાર આપેલ. નાલાસોપારા વિભાગમાં શ્રી દિલીપભાઈએ ખુબ જ સુંદર રીતે નોટબુકોનું વિતરણ કરેલ. તેમજ વિરાર વિભાગમાં શ્રી ભરતભાઈએ પણ આયોજન પૂર્વક નોટબુકોનું વિતરણ કરેલ હતુ. આ રીતે સહુ સભ્યોનો મંડળ હૃદયપૂર્વક ખુબ ખુબ આભાર માને છે.

વિશેષમાં ખાસ જણાવવાનું કે આપણા મંડળનાં ટ્રસ્ટી શ્રી મુકેશભાઈએ નોટબુક બનાવવા માટે ખુબજ અથાગ મહેનત કરીને નોટબુકનાં કવર પેઈજનું ડી.ટી.પી. તથા નોટબુકની સાઈઝ તથા પેપરની ક્વોલીટી ચેક કરીને ખુબજ સુંદર નોટબુકો બનાવડાવી હતી. શ્રી મુકેશભાઈનો મંડળ હૃદયપૂર્વક ખુબજ આભાર માને છે.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ-બોરીવલી**
**આગામી ૪૪ વાર્ષિક સંમેલન -**
**તપસ્વી બહુમાન-વિદ્યાર્થી પારિતોષિક-**
**સ્વામી વાતસલ્યનો કાર્યક્રમ**
**તા.૨૬-૦૧-૨૦૨૫ ને રવિવાર**
**કારતક વદ ૧૨ના નક્કી કરેલ છે.**
**સર્વ સભ્ય મિત્રોને આગ્રહભરી વિનંતી છે કે ઉપરની તારીખ સ્મૃતિપટલમાં નોંધી રાખવી અને વધુ વિગત આવતી પત્રિકાના અંકમાં અને વોટસએપના માધ્યમથી જણાવવામાં આવશે.**
